

લખપત તાલુકાના ખેડૂતોને ટપક સિંચાઈ પધ્ધતિ વિશે માહિતી અને સમજણ અપાઈ હતી આ સમયે તમામ ખેડૂતોએ પધ્ધતિ અપનાવવા સંકલ્પ લીધા હતા

GUJRAT SAMACHAR Dt. 07.02.12

### દયાપર ખેડૂત શિબિરમાં લેવાયો સંકલ્પ

# આખા લખપત તાલુકાને ટપક પધ્ધતિથી આવરી લેવાશે

ભુજ,સોમવાર

દયાપર ખાતે તાજેતરમાં જ તેલીબિયા વિકાસ માટે ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તાલુકાને ૧૦૦ ટકા ટપક પધ્ધતિથી આવરી લેવા ખેડૂતો દ્વારા સંકલ્પ કરવામાં આવ્યો હતો.

## ટપક સિંચાઈ પધ્ધતિ વિશે કૃષિકારોને વિસ્તૃત માહિતી અને સમજણ અપાઈ

લખપત તાલુકામાં કાયમી પાણીની અછત રહેતી હોય જે અંગે ટપક પધ્ધતિ અપનાવવી જરૂરી અને અનિવાર્ય છે. તેવું અત્રે યોજાયેલી ખેડૂત શિબિરમાં તાલુકા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું. દયાપર ખાતે મદદનીશ ખેતી નિયામકની કચેરી નખત્રાણા અને ભારતીય કિસાન સંઘ લખપતના સહયોગથી તેલીબીયા વિકાસની ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં ભારતી કિસાન સંઘ, સંકલ્પ કરવામાં આવ્યો હતો કે લખપત તાલુકાને ૧૦૦ ટકા ટપક પધ્ધતિથી આવરી લેવામાં આવશે. વિસ્તર અધિકારી એ પોતાના પ્રવચનમાં તાલુકામાં પિયતની સુવિધા ધરાવતા એક પણ ખેડૂત ટપક પધ્ધતિ વિનાનો રહેવો ન જોઈએ તેવું જણાવ્યું હતું.

જીજીઆરસી દ્વારા ટપક પધ્ધતિની યોજનાકીય માહિતી આપતા જણાવ્યું કે, મનુષ્યને શરીરની તંદુરસ્તી માટે ઘી ખુબ જ જરૂરી છે પરંતુ વધારે પડતું ઘી શરીરને નુકસાન કરે છે. એ જ રીતે કોઈપણ પાકને ચોવીસ કલાકમાં જરૂરિયાત કરતા વધારે પાણી આપવામાં આવે તો એ પાણી પાકને હાનિકારક છે આ તકે દશ્ય શ્રાવક સાધનો દ્વારા ટપક પધ્ધતિની માહિતી તમામ યોજનાકીય માહિતી આપી હતી.